## અક્ષર સંસ્કાર વિદ્યાલય ગાંભોઈ ખાતે દિવ્યાંગો માટે ઉદ્યોગ તાલીમ કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) વિભાગના સશક્તિકરણ કેન્દ્ર સેડા ફાઉન્ડેશન અમદાવાદ સંસ્થાના સહયોગથી હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે અક્ષર સંસ્કાર વિદ્યાલય ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા દિવ્યાંગોને ધંધાના પ્રોજેક્ટ શરૂ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ પ્રસંગે રાજેશભાઈ સુથાર, અલ્પેશભાઈ ઝાલા, જગદીશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચૈતન્ય સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રાંતિજમાં ગાયે પાંચ લોકોને અડફેટે લીધાઃ પાલિકાના એકશન પ્લાનનુ શુરસુરીયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એક ગાયે એકજ દિવસ મા ચાર થી પાંચ લોકોને ઘાયલ કર્યા હતા જેમા એક વૃધ્ધ મહિલા અને એક મહિલાને જીવલેણ ઈજાઓ પહોચતા લોહીલુહાણ હાલત માં સારવાર અર્થે ખસેડવામા આવ્યા. પ્રાંતિજ નગર જાણે ગોકુળ્યુ ગામ બન્યુ હોય તેમ રસ્તે, ગલીઓ, બજાર , બસસ્ટેશન, નાની ભાગોળ, એપ્રોચરોડ સહિત વિસ્તારોમા રખડતી ગાયો જોવા મળે છે તો રખડતી ગાયો દ્વારા અનેકવાર લોકોને અડફેટે લીધા છે ત્યારે પ્રાંતિજ બજારચોક વિસ્તાર મા આવેલ લાલ દરવાજા ભરચક વિસ્તાર માં એક રખડતી ગાય એ ચારથી પાંચ લોકો ઉપર હુમલો કરતા લોકોમા ભંય નો માહોલ જોવા મલ્યો હતો અને ઉંઘ મા પણ લોકો એ ગાય આવી બબડાટ કરતા જોવા મળે છે ત્યારે લાલદરવાજા વિસ્તાર મા રહેતા નર્મદાબેન કેશવલાલ મોદી નામના વૃધ્ધ મહિલા ને ગાયે ભેટુમારી તેવોને ઉપર જીવલેણ હુમલો કર્યો હતો અને ઘાયલ કરતા લોહીલુહાણ હાલત મા વૃધ્ધ મહિલા ને સારવાર અર્થે સારવાર અર્થે લઈ જવામા આવ્યા હતા તો જાંબુચોરા ખાતે રહેતા મુસ્લિમ મહિલાને પણ ગાયે માથાના ભાગે ઈજાઓ પોહચાડી ને શરીરે ઈજાઓ પોહચાડી હતી તો તેવોને પણ સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો નગરમા એનક મા અનેક વાર એકલદોકલ લોકોને રખડતી ગાયો દ્વારા અડફેટે લેતા હોય છે અને નગરના અનેક વિસ્તારોમાં રખડતી ગાયો ના ત્રાસ વ્યાપી ગયો છે ત્યારે હાલતો જવાબદાર તંત્ર દ્વારા થોડા દિવસ પહેલાજ ગાયો માટે એક્શન પ્લાન તૈયાર કરવામા આવ્યો હતો અને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્રાંતિજ નગરમા રીક્ષાઓ ફેરવી રખડતી ગાયો અંગે જાહેરાત પઝ કરી હતી

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે કામાખ્યા મંદિરમાં દીર્ઘાયુ માટે પ્રાર્થના

સાબરકાંઠા જિલ્લા ભાજપા કાર્યકર અને બી.ઝેડ. ગ્રુપના સીઈઓ ભુપેન્દ્રસિંહ ઝાલાના અધ્યક્ષ સ્થાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ માટે તેમના ૭૨માં જન્મદિવસ નિમિત્તે કામાખ્યા મંદિર ગુવાહાટી આસામ શક્તિપીઠ ખાતે પૂજન-અર્ચન સાથે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સાબરકાંઠા ઉપપ્રમુખશ્રીઅમૃતસિંહ પરમાર, માજી જિલ્લા પંચાયત સદસ્યશ્રી ભક્તિસિંહ મકવાણા, હિંમતનગર તાલુકા સંગઠન મંત્રીશ્રી રાજેન્દ્રસિંહ પઢીયાર, સાબરકાંઠા ક્ષત્રિય સમાજ પ્રમુખશ્રી રંગુભા ચૌહાણ, અરવલ્લી જિલ્લા સંગઠન મંત્રીશ્રી રાહુલભાઈ ગોસ્વામી, ઠાકોર સમાજ આગેવાનશ્રી જગતસિંહ પરમાર, ભાજપા બાયડ સંગઠન પ્રમુખશ્રી માનસિંહ સોઢા વગેરે ભાજપા ક્ષત્રિય સમાજના કાર્યકર્તા અને આગેવાનો હાજર રહ્યા હતા.

## પ્રાંતિજ સી.એચ. ટેકનિકલ ઈન્સ્ટીટયુટમાં પ્રમાણ પત્ર એનાયત કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સી.એચ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ સંકુલ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને લઈને કેક કાપી તાલિમ માથીઓને મોમેન્ટો પ્રમાણ એનાયત કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાંતિજ કેળવણી સંચાલિત આઇટીઆઇ ખાતે ૨૦૨૨ની પરીક્ષાઓમા પ્રથમ,દ્વિતીય, તૃતીય ક્રમે ઉતીર્ણ થયેલ તાલીમાર્થીઓને સુબામીયા ડી.કસ્બાતી તાલીમાર્થી મેરીટ પ્રાઇઝ તથા પ્રમાણ પત્ર એનાયત કરવામા આવ્યા હતા તો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો જન્મ દિવસ હોય સંસ્થા દ્વારા ઉપસ્થિત મહેમાનો ના હસ્તે કેક કાપી ને ઉજવણી કરવામા આવી હતી તો આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ દિપકભાઇ કડીયા, માર્કેટયાર્ડના ચેરમેન રાજુભાઇ પટેલ, સંસ્થાના મંત્રી રઇશભાઇ કસ્બાતી, જયંતિભાઇ પટેલ, નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, સંસ્થાના આચાર્ય હેમંતભાઈ પટેલ સહિત સ્ટાફ તથા વિધાર્થીઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર કાર્યક્રમનુ એલાઉન્સ મેન્ટ સાદુલભાઈ દ્વારા કરવામા આવ્યુ.

# વિધાનસભા ચૂંટણી જંગ : બાયડ બેઠક માટે ભાજપમાંથી વિરભદ્રસિંહ ઝાલાનું નામ ચમક્યું

### કોંગ્રેસ, આમઆદમી પાર્ટીના પાટીદાર ઉમેદવારોથી મતનું મોટાપાયે ધ્રૂવિકરણ થશે

હિંમતનગર, તા.૧૭

૩૨-બાયડ વિધાનસભા બેઠકનો ચૂંટણી જંગ ખરાખરીનો બની રહેશે ત્યારે ભાજપ દ્વારા કયા ઉમેદવારને મેદાનમાં ઉતારાય છે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે જેમાં બાયડ તાલુકાના ગાબટના વિરભદ્રસિંહ દલપતસિંહ ઝાલાનું નામ રેસમાં આગળ ચાલતું હોવાની વિગતો સામે આવી છે. કોંગ્રેસ વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલને મેદાનમાં ઉતારવાની છે. જ્યારે આમ આદમી પાર્ટીમાંથી છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર ન થાય તો તેનપુરના ચૂનીભાઈ બબાભાઈ પટેલને મેદાનમાં ઉતારે આ સંજોગોમાં પાટીદાર મતોનું ધ્રૂવિકરણ ભાજપ માટે ફાયદારૂપ સાબિત થશે. જ્યારે વિરભદ્રસિંહ ઝાલાની સરળ આગેવાન અને સૌને મદદરૂપ થવાના સ્વભાવના કારણે અન્ય ઉમેદવારો કરતાં નોંખી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો ઉપર અત્યારે કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયેલા છે. વર્ષ-૨૦૧૭માં પાટીદાર આંદોલનના કારણે કોંગ્રેસને ફાયદો થયાનું આંકલન થઈ રહ્યું છે પરંતુ આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા ત્રણેય બેઠકો જીતવા માટે મરણિયો જંગ શરૂ કર્યો છે છતાં જિલ્લા ભાજપ સંગઠનની કામગીરી સામે સમગ્ર જિલ્લાના કાર્યકરો અને પદાધિકારીઓમાં જે રોષ વ્યાપેલો છે તે ઠારવામાં પ્રદેશ નેતાગીરી નિષ્ફળ જાય તો ફરીથી વર્ષ-૨૦૧૭નું પુનરાવર્તન થઈ શકે છે. બાયડ વિધાનસભા બેઠક વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતી આવી છે પરંતુ કોંગ્રેસના ગઢમાં પણ ભાજપે ડગ ખત ફતેહ મેળવી છે. ભાજપ બાયડ બેઠક ઉપર પેરાશૂટ ઉમેદવારને મેદાનમાં ઉતારે તો કાર્યકરો અને મતદારો આવા ઉમેદવારને લીલા તોરણે ઘરે મોકલવા માટે મન બનાવી લીધું છે. આ સંજોગોમાં ગાબટના રાજવી પરિવારના વિરભદ્રસિંહ દલપતસિંહ ઝાલાનું નામ અન્ય હરીફોની સાથે સામેલ થઈ ગયું છે. અત્યારે બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપના દાવેદારોમાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, અદેસિંહ માંનસિંહ ચૌહાણ, માંનસિંહ સોઢાપરમાર, ભરતસિંહ રહેવર, છત્રસિંહ સોલંકી, ભૂપતસિંહ યુ. સોલંકી, પૂર્વ ધારાસભ્ય ડા.મહેન્દ્રભાઈ એસ. પટેલ, ભીખીબેન પરમાર વગેરેના નામ ચાલી રહ્યા છે તેમ છતાં જો કોઈ નવા ચહેરાને ભાજપ મેદાનમાં ઉતારવાનું મન બનાવે તો હાલ વિરભદ્રસિંહ ઝાલા રેસમાં દરેક રીતે સૌથી આગળ હોવાનું ગુપ્ત સૂત્રો પાસેથી સામે આવ્યું છે. જે રીતે ગાબટ વિસ્તારમાં રાજકીય ધમધમાટ વધ્યો છે તે જોતાં ભાજપ ગાબટ વિસ્તારના જ ઉમેદવારને ચહેરો બનાવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

## પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે પ્રાંતિજ તાલુકા યુવા મોરચો અને તાલુકા સંગઠન દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ ની ઉજવણી ના ભાગે



રૂપે બ્લડ ડોનેશન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ કેમ્પસ મા ૧૭ મી સપ્ટેમ્બર ના રોજ દેશના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ ને લઈ ને દેશ ભરમા ભારતીય જનતા પાર્ટી તેમજ તેમના શુભ ચીંતકો દ્વારા ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે પ્રાંતિજ તાલુકા યુવા મોરચો અને તાલુકા સંગઠન દ્વારા જી.એમ.ઈ. આર.સીના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ નુ આયોજન ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે કરવામા આવ્યુ હતુ જેમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , માર્કેટયાર્ડ ચેરમેન રાજેશભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ કે.પી.પટેલ તેમજ ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો સંસ્થાના સંચાલક એ.કે.પટેલ તથા ડા.નૃપાંશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તો ભારતીય જનતા પાર્ટીના હોદેદારો તેમજ કાર્યકરો પણ રકતદાન કરીને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીમા સહભાગી બન્યા હતા.

### અર્બુદા સેનાના કાર્યકરોની હાજરીની નોંધ લેતું ગુપ્તચર વિભાગ

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિપુલ ચૌધરીની ધરપકડના વિરોધમાં અર્બુદા સેનાનો ઉગ્ર વિરોધ

### તમામ ૧૪ તાલુકામાં આવેદનપત્ર અપાયાં, મુક્ત ન કરાય તો ગામમાં રાજકારણીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ

હિંમતનગર, તા.૧૭

અર્બુદા સેના પ્રદેશ અધ્યક્ષ વિપુલ ચૌધરીની એ.સી.બી. દ્વારા જૂના કેસમાં રાત્રે તેમના ઘરેથી ધરપકડ કરાતાં રાજ્યના આંજણા પાટીદાર સમાજના વિસ્તારોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. તા.૧૬ સપ્ટેમ્બરે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિપુલ ચૌધરીની ધરપકડના વિરોધમાં અર્બુદા સેનાએ ઉગ્ર વિરોધ કરી સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર આપતાં વાતાવરણ ગરમાયું હતું. અર્બુદા સેનાના કાર્યકરોની રેલી દરમ્યાન વિશાળ હાજરીની ગુપ્તચર વિભાગે પણ નોંધ લીધી છે. આવનારા દિવસોમાં અર્બુદા સેના વિપુલ ચૌધરીને મુક્ત નહીં કરાય તો જલદ કાર્યક્રમ આપશે તેમ જાણવા મળ્યું છે.

છેલ્લા ૨ મહિનાથી અર્બુદા સેના અધ્યક્ષ વિપુલ ચૌધરી દ્વારા આંજણા પાટીદાર સમાજના વસતીવાળા વિસ્તારોમાં વિશાળ સંમેલનો યોજતા હતા ત્યારથી જ રાજ્ય સરકાર તેમની ઉપર સકંજો કસશે તેવી દહેશત સાચી પડી છે. તા.૧૪ સપ્ટેમ્બરના રોજ દૂધસાગર ડેરીમાં રૂા.૮૦૦ કરોડથી વધુનું કૌભાંડ આચર્યાનો આરોપ લગાવી એ.સી.બી. દ્વારા તેમના નિવાસ્થાનેથી ધરપકડ કરી મહેસાણા કોર્ટમાં શુક્રવારે રીમાન્ડ માટે રજૂ કરાયા હતા. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરીની ખોટી રીતે ધરપકડ કરી રાજકીય કિન્નાખોરીના આરોપ લગાવી અર્બુદા સેના દ્વારા વિશાળ રેલી અને સૂત્રોચ્ચાર સાથે હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ, મોડાસા અને ભિલોડા તાલુકા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યા હતા. વિપુલ ચૌધરીની અટકાયત પછી અર્બુદા સેનાના કાર્યકરોમાં રોષ ચરમસીમાએ છે અને પોતાના ગામોમાં ભાજપ સહિત રાજકીય આગેવાનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. વિધાનસભાની ચૂંટણી ગમે ત્યારે જાહેર થશે અને અર્બુદા સેના પ્રદેશ અધ્યક્ષની ધરપકડ રાજ્ય સરકાર માટે સળગતું લાકડું પકડયા બરાબર પૂરવાર થાય તેવી સંભાવના છે. જ્યારે વિપુલ ચૌધરીની એ.સી.બી.એ ધરપકડ કર્યા પછી ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં પાટીદાર સમાજના ૭ લાખ મતદારોનો મિજાજ કેવો રહેશે તેનું રાજકીય આંકલન પણ શરૂ થયું છે. અરવલ્લી જિલ્લા અર્બુદા સેના અધ્યક્ષ મનિષ પટેલ, મહિલા સેના અધ્યક્ષ દુર્ગાબેન પટેલની આગેવાની હેઠળ મોડાસા અને બાયડ તાલુકામાં વિશાળ રેલી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યા હતા તેમજ તત્કાલ વિપુલભાઈ ચૌધરીને મુક્ત કરવા માંગ કરી છે. જે રીતે વિપુલ ચૌધરીના સમર્થનમાં અનેક વિસ્તારોમાં જનસેલાબ જોવા મળ્યો તે જોતાં ભાજપ-કોંગ્રેસ સહિત આમઆદમી પાર્ટીના આગેવાનો પણ મોંઢામાં આંગળાં નાખતા જોઈ શકાયા હતા.

**વિપુલ ચૌધરીની ધરપકડ અયોગ્ય, ભાજપને ભારે પડશે**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અર્બુદા સેનાના પ્રદેશ અધ્યક્ષ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરીની ધરપકડના ઘેરાપ્રત્યાઘાત પડ્યા છે. પ્રથમવાર રાજકીય તેમજ સામાજીક રીતે આંજણા પાટીદાર સમાજ વધુ સંગઠીત જોવા મળ્યો છે. જિલ્લાના તાલુકા મથકોએ ઉમટેલા અર્બુદા સેનાના કાર્યકરોએ જણાવ્યું કે વિપુલ ચૌધરીના સંમેલનોથી સરકારના પેટમાં તેલ રેડાયું હતું અને આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમની વધતી તાકાત મુશ્કેલી ઉભી કરશે તેમ જણાતાં જૂના કેસ ઉભા કરી વિપુલ ચૌધરીની ખોટી રીતે ધરપકડ કરવામાં આવી છે પરંતુ ભાજપને વિપુલ ચૌધરીની ધરપકડ ભારે પડશે. અરવલ્લી જિલ્લામાં આંજણા પાટીદાર સમાજમાં સૌથી વધુ આક્રોશ જોવા મળ્યો હતો.

# મોડાસા લીયો પોલિસ ચોકી નજીક ગોકુલેશ શોપિંગનું ત્રીજા માળનું નિર્માણ કાયદેસર કે ગેરકાયદેસર?!

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં વર્ષો થી ટ્રાફીક ની સમસ્યા છે અને હવે

દિનપ્રતિદિન વકરી રહી છે. પાલિકા નવા પ્રમુખ નિમાય, નવા કલેકટર આવે, ડી.એસ.પી કે પછી ગૃહ મંત્રી આવે ત્યારે ટ્રાફીક ની સમસ્યાનું નિરાકરણ કરી દઈશું તેવા આશ્વાશનો મળે ત્યારે લોકો ને થાય હાશ હવે કંઈક રાહત મળશે પરંતુ શું ખરેખર આ મહાનુભવો મોડાસાની ટ્રાફીક સમસ્યા નું નિવારણ થાય તેમાં રસ ધરાવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં માર્કેટ યાર્ડ થી લઈ ડીપ સુધી ના નગર ના હાર્ટ સમા મુખ્ય માર્ગ પર થયેલ કોમર્શીયલ બાંધકામ પર થી તો ચોક્કસ નથી જ લાગતું. તમામ નિયમો હવા માં ઉડાવી પરવાનગી વિના તાંણી બંધાયેલ કોમર્શિયલ ઈમારતો સરકારના જી.ડી.સી.આર ની ધજ્જીયા ઉડાવી ને બનાવ્યા છે પરંતુ પાલિકા તંત્ર મગનું નામ મરી પાડતું નથી.

આ અંગે મોડાસા નગર પાલિકાના ચીફ ઓફિસર સંજય પંડ્યાએ જણાવ્યું કે, બે માળની મંજૂરી હતી તેમ છતાં પણ જો ગેરકાયદેસર બાંધકામ થતું હશે તો બાંધકામ સાઈટને બંધ કરી સીલ કરાશે. હાલ મોડાસાની લીઓ પોલીસ ચોકી ની બાજુમાં પાલિકા જવાના માર્ગ પર પ્રાસ્તાવિત ગોકુલેશ કોમ્પલેક્ષ બની રહ્યું છે, જેમાં સરકારના જી.ડી.સી.આર પ્રમાણે જો હયાત બાંધકામ કરતા વધુ બાંધકામ કરવું હોય તો રોડ ના મધ્ય થી ૨૪ મીટર પાર્કીંગ ની જગ્યા છોડી બાંધકામ કરવાનું હોય છે. મળતી માહિતી અનુસાર વર્ષો પહેલા આ કોમ્પ્લેક્ષ માટે ગ્રાઉંડ ફ્લોર તેમજ એક માળ ની પરવાનગી આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રથમ માળ ઉપર બીજો માળ બાંધવામાં આવ્યો જે કથીત રૂપે ગેરકાયદેસર હોઈ પાલિકાએ ૨૦૦૮ માં તોડી પાડ્યો હતો. પરંતુ ત્યારબાદ નગરપાલિકાના ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા યેનકેન પ્રકારે આકરણી કરી દેવામાં આવી હતી. હવે આજ કોમ્પ્લેક્ષ ચાર માળનું બનવા જઈ રહ્યુ છે, ત્યારે આ કોમ્પ્લેક્ષની મુલાકાત લેવા આવતા લોકો વાહન ક્યાં પાર્ક કરશે તે કોઈ ઉખાંણો નથી. સ્વાભાવિક છે રોડ પર જ કરશે અને એ પણ ટ્રાફીક ને અડચણ રૂપ થાય તે રીતે પાર્ક કરશે અને કરી રહ્યા છે અને ટ્રાફીક ની સમસ્યાનો આખો દોષ લારીવાળા ઉપર ઢોળી દેવામાં આવે છે. આ શોંપીગ માં મળતી માહિતી અનુસાર મોટુ હોસ્પિટલ બનવાનું છે ત્યારે અંદાજ લગાવી શકાય છે કે આ વિસ્તારની શું હાલત થશે ?

**જો ગેરકાયદેસર હોય તો પાલિકામાં રોજિંદી અવર-જવર કરતા અધિકારીઓને કેમ જોવાયું નહીં?**

ટ્રાફીક ની સમસ્યા પર થતી મીટીંગો શું એ મુદ્દો ચર્ચાય છે કે મોડાસાના મુખ્ય માર્ગો પર જે શોપીંગ સેંટર્સ બન્યા છે તેની પાર્કિંગ ની જગ્યા ક્યાં છે ?. એક જ્વેલેરી શો રૂમ હમાણાં ચાર પાંચ વર્ષ પહેલા જ બન્યો તેનું પાર્કિંગ ક્યાં છે? બસ સ્ટેશન ની બાજુમાં એક છાપરામાં થી આખી પાંચ માળ ની તોતીંગ ઈમારત બની તેનું પાર્કિંગ ક્યાં છે ? શાકભાજી ની લારીઓ ઉભી રહે છે તેની પાછળ જે દુકાનો છે ત્યાં પહેલા એક માળ હતો તેનો બીજો માળ બનાવાની પરવાનગી આપી કે પછી ન આપી પણ તેનું પાર્કિંગ ક્યાં છે? આ તો ફક્ત ઉદાહરણ છે આવી તો મોડાસામાં પાલિકાના પાપે કેટલીય ઈમારતો બની ગઈ અને તેથી મુખ્ય માર્ગ પર ટ્રાફીક ની સમસ્યા છે? પાલિકા જવાના માર્ગે ડોકટર હાઉસ માં નાની શાંકળી ગલી મોટી મોટી ઈમારતો ની મંજુરી કોણે આપી? એફ.એસ.આઇ ના બધા નિયમો નેવે મુકી ઈમારતો તાણી બાંધી છે. સરકાર ના એફ.એસ.આઇ.ના નિયમો તો ફકત જે નાણાં ના ઢગલા ન કરે તેના માટે છે તેવું ચર્ચાઇ રહ્યુ છે ત્યારે બસ પોર્ટ ની બાજુમાં પ્રસ્તાવિત ગોકુલેશ શોપિંગ સેંટર પર યોગ્ય કાર્યવાહી કરી થઇ રહેલ બાંધકામ ત્વરીત અટકાવામાં આવે તેવી જાગૃત નાગરીકો ની માંગ છે.

### સંજય ખરાત સાહેબ તમારા કર્મચારીઓને શિસ્ત શીખવાડો

# મોડાસા ચાર રસ્તા પાસે પોલીસની જીપ ટ્રાફીક માટે ઉબેટ, નિવૃત્ત સરકારી અધિકારીએ મીઠી ટકોર કરતાં ખરાબ વર્તાવ

### મામલો ગૃહમંત્રીના દરબારમાં પહોંચ્યાની ચર્ચા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૭

અરવલ્લી જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં દર ૨-૩ મહિને ટ્રાફીક સલાહકાર સમિતિની બેઠક યોજાય છે. સબસલામતની આલબેલ પોકારવામાં આવે છે પરંતુ સ્થળ ઉપર કોઈ યોગ્ય કાર્યવાહી થતી નથી. મોડાસા ચાર રસ્તા પાસે દરરોજ સમી સાંજ થી રાત્રિ સુધી પોલીસની જીપ ટ્રાફીક માટે ઉબેટ બની રહી છે. ખાનગી વાહનોમાં મુસાફરો ભરવા માટે હમાખોર પોલીસે છૂટો દોર આપ્યો છે ત્યારે આ દ્રશ્યથી ન રહેવાતાં રાજ્ય સરકારના નિષ્ઠાવાન સરકારી અધિકારીએ આ મામલે કેટલાક પોલીસ કર્મીઓને ટકારે કરતાં તેમની સાથે ખરાબ વર્તાવ થયાની વિગતો સામે આવી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સાહેબ તમારા કર્મચારીઓને શિસ્ત શીખવાડો. એક તરફ પોલીસ પ્રજાનો મિત્ર હોવાના સૂત્રો લખવામાં આવે છે પરંતુ મોડાસા શહેરમાં આવું છે ખરૂ..?? તેની જાત તપાસ કરવાનો સમય પાકી ગયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લીના વડા મથક મોડાસા શહેરમાં શટલિયાં અને મુસાફરો ભરીને દોડતાં ખાનગી વાહનોનો જમાવડો પોલીસની કામગીરી કેવી છે તેનો પરપોટો ફોડી રહી છે. માત્ર મોડાસામાં જ ટ્રાફીક અને સ્થાનિક પોલીસ શટલિયાં વાહનો પાસેથી માતબર રૂપિયા ખંખેરી એસ.ટી. નિગમને દર મહિને લાખોની ખોટમાં ધકેલતું હોવાની લોકચર્ચા ફરી એકવાર સાંભળવા મળી રહી છે. ત્યારે વારંવાર ટ્રાફીક સમસ્યા અને અનેક સીનીયર સીટીઝન હેરાન થતા હોવાથી તાજેતરમાં જ મોડાસામાં રહેતા રાજ્ય સરકારના ક્લાસ-૧ નિવૃત્તિ અધિકારીએ સ્થાનિક ચાર રસ્તા પરની પોલીસને સરકારી વાહન આ રીતે અડચણરૂપ રોડ ઉપર મૂકો છો તેના કારણે અન્ય વાહન ચાલકો હેરાન થાય છે અને તમારી નજર સમક્ષ જ ખાનગી વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરીને વાહનો દોડતાં હોય છતાં કેમ પગલાં ભરતા નથી..?? આવું કહેતાં જ ખાખી વર્ધી અસલ સ્વભાવમાં આવી ગઈ અને કહેવાય છે કે નિવૃત્ત અધિકારી સાથે ખરાબ વર્તાવ કર્યાનું સામે આવ્યું છે. જો મોડાસા શહેરમાં જ પોલીસ સરકારના નિવૃત્ત અધિકારીની સાચી વાત સાંભળતી ન હોય તો સામાન્ય પ્રજાનું કોણ સાંભળતું હશે..?? વારંવાર પોલીસના વાહનોના કારણે મોડાસામાં વકરતી ટ્રાફીક સમસ્યા અને પોલીસ રજૂઆતકાર સાથે ખરાબ વર્તાવ કરતી હોવાની ફરિયાદ ગૃહમંત્રીના દરબારમાં પહોંચ્યાની વિગતો પણ જાણવા મળી છે.

બાયડ આઉટસોર્સિંગ કર્મચારીઓ દ્વારા પોતાની પડતર માગણીઓને લઈને મામલદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું.